सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૦૮/૨૦૨૬**

**આંક : – ૦૮**

**અરજદાર :–** **વિજયભાઇ દિપાભાઇ નાનીયાભાઇ પલાસ,**
ઉ઼ઉ વ. ૨૬, ધંધો – મજુરી,
રહે. આંબલી ખજુરીયા, તા. ગરબાળા,
જિ. દાહોદ,
હાલ : સબજેલ, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી જી. પી. ચૌહાણ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામનાં અરજદાર/આરોપી વાગરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૫૦૩૭૫/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૪), ૬૧, ૩૧૭(૨), ૧૧૨(૨) મુજબના

ગુનાના કામે અરજદાર/આરોપી તરફે ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩ તથા આંક–૦૭** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક–૦૬** થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધુ.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદાર/આરોપીને તા. ૨૫/૦૭/૨૦૨૫ નાં રોજ અટક કરી વાગરા કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરવામાં આવેલ અને તા. ૩૦/૦૭/૨૦૨૫ નાં રોજ રીમાન્ડની કાર્યવાહી પૂર્ણ થતા અરજદાર/આરોપીએ ક્રિ.પ.અ.નં. ૧૪૪/૨૦૨૫ થી વાગરા કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ, જે નામંજુર થતા ભરૂચ સેસન્સ કોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૬૬૭/૨૦૨૫ થી દાખલ કરેલ, જે વિડ્રો કરેલી, ત્યારબાદ વાગરા કોર્ટમા ચાર્જશીટ થતા અરજદાર/આરોપીએ વાગરા કોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૨૧/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે વાગરા કોર્ટે તા. ૨૧/૦૨/૨૦૨૬ નાં રોજ નામંજુર કરેલ. હાલનાં ગુનાનું ચાર્જશીટ ફો.કે.નં. ૧૭૬૩/૨૦૨૫ થી દાખલ થયેલ છે, જે પેન્ડીંગ છે. હાલ અરજદાર/આરોપી કસ્ટડીમાં હોય, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં દલીલ છે કે, કહેવાતો કોઇ ગુનો આરોપીએ કરેલ નથી, આરોપી નિર્દોષ છે, પોલીસે મુદ્દામાલ રીકવર કરેલ છે હવે કોઇ મુદ્દામાલ રીકવર કે ડિસ્કવર કરવાનો રહેતો નથી, આરોપીને શંકાનાં આધારે ખોટી રીતે સંડોવી દીધેલ છે, અરજદારનુ ફરીયાદમાં કોઇ જગ્યાએ નામ કે વર્ણનનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, કહેવાતો ગુનો અજાણ્યા ઇસમો સામે નોંધાયેલ છે, આરોપીને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાયદા વિરૂધ્ધનું કોઇપણ પ્રકારનું કૃત્ય કરેલ

નથી, આરોપી ઉપર તેઓનાં કુટુંબની જવાબદારી છે, જેથી જો વધુ સમય કસ્ટડીમાં રહે તો તેઓનું કુટુંબ કપરી પરીસ્થિતીમાં મુકાય તેમ છે, જેથી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમા દલીલ છે કે, આક્ષેપીત કલમો હેઠળનો કેસ ચલાવવાની સત્તા જયુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીને છે, અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામે રહે છે, કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી તેમજ સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવે છે અને નામ. કોર્ટ જણાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીની ચાર્જશીટ બાદથી આ પ્રથમ જામીન અરજી છે, હાલનાં ગુનાના સહ–આરોપી અનિલકુમાર અમરતલાલ સોનીએ ક્રિ.પ.અ.નં. ૧૪૫/૨૦૨૫ થી જામીન અરજી દાખલ કરતા વાગરા કોર્ટે શરતોને આધીન મંજુર કરેલ અને સહ–આરોપી નં. ૨ નિકેશભાઇ જવસીગભાઇ પલાસનાઓએ ક્રિ.પ.અ.નં. ૪૮/૨૦૨૬ થી નામ. ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ, જે નામ. હાઇકોર્ટે શરતોને આધીન મંજુર કરેલ છે, જેથી હાલનાં અરજદાર/આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ આપી હાલની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૬** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં ગુનાના કામે આરોપીનો રોલ જોવામાં આવે તો, હાલનાં અરજદાર/આરોપીએ અન્ય સહ–આરોપીઓ સાથે મળી ગુનાહિત કાવતરુ રચી ચારેય આરોપીઓ પોતાનાં વતન આમલી ખજુરીયા ગામેથી ભરૂચ ખાતે આવી ત્યાંથી વાગરા ખાતે આવી સારણ ગામે જઇ ફરીયાદીનાં મકાનમાંથી સોના–ચાંદીનાં દાગીના તથા રોકડા રૂપિયા મળી કુલ રૂા. ૩૦,૮૫,૦૦૦/– ની ચોરી કરી પરત પોતાનાં વતનમાં જઇ ચોરી કરેલ રોકડા રૂપિયાનો સરખો ભાગ પાડી પોતાનાં ભાગના રોકડા રૂપિયા સ્વીકારી લીધા બાદ ચોરી કરેલ સોનાના દાગીનાં હાલનાં અરજદાર/આરોપી વિજયભાઇ પલાસ તથા સહ–આરોપી શિવરાજભાઇ ધારકાભાઇ પલાસનાઓ, સહ–આરોપી

અનિલકુમાર સોનીની દુકાને ગરબાડા મુકામે જઇ ચોરી કરેલ સોનાના દાગીનાં રૂા. ૭,૦૦,૦૦૦/- માં વેચી રોકડા રૂપિયાનો સરખો ભાગ પાડી પોતાનાં ભાગનાં રોકડા રૂપિયા સ્વીકારી લઇ ઘરફોડ ચોરીનો ગુનો આચરેલ છે. વધુમાં દલીલ છે કે, હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ સંગઠીત અપરાધનાં ગુનાની બી.એન.એસ.ની કલમ-૧૧૨(૨) નો ઉમેરો કરવામાં આવેલ છે તેમજ હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ કુલ-૧૨ જેટલા ચોરી, લુંટ, આર્મ્સ એકટ, ખૂનની કોશીષ જેવા ગંભીર ગુનાઓ નોંધાયેલ છે, જેથી હાલનાં આરોપી ચોરી તેમજ અન્ય ગુનાઓ કરવાની ટેવવાળા છે અને રીઢા તથા ખતરનાક ગુનેગાર છે અને તેણે ખરેખર ગુનો આચરેલ છે અને હાલનાં ગુનાનાં કામે બે સહ-આરોપીઓને પકડવાના બાકી છે, જે બન્ને હાલનાં અરજદાર/આરોપીનાં ગામનાં વતની છે, જેથી આરોપીને જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, અરજદાર/આરોપીને સાથે રાખી તેઓએ ચોરીનાં દાગીનાં વેચેલ હોય તે જગ્યાએ લઇ જઇ તે દાગીનાં વેચેલ સોનીની દુકાને ખરાઇ કર્યા બાદ અરજદાર/આરોપીએ વેચેલ દાગીનાં કુલ ૧૯૦ ગ્રામ હોય જે સોનાની લગડી આશરે કિ.રૂા. ૧૫,૨૦,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તેમજ અરજદાર/આરોપીની સદર ચોરીવાળી જગ્યાએથી ફિંગરપ્રિન્ટ મળી આવેલ છે, જેનું એફ.એસ.એલ. સુરતનાઓ દ્વારા સર્ટીફીકેટ આપવામાં આવેલ છે, જેથી હાલનાં આરોપીએ જ સદર ઘરફોડ ચોરીનો ગુનો આચરેલ છે તેમજ હાલનાં આરોપીએ અગાઉનાં ગુનામાંઓમાં જામીન ઉપર મુકત થયા બાદ ટુંક સમયમાં જ ઘરફોડ ચોરી કરી ગુનો આચરેલ છે, જેથી અરજદાર/આરોપીને જામીન આપવામાં આવશે તો ફરીથી આવા ગુનાઓ કરવાની પ્રવૃતિ ચાલુ રાખશે અને સાહેદોને ડરાવશે ધમકાવશે તેવી શકયતા રહેલી હોય, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઇ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, હાલનાં

અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો, હાલનાં આરોપી મુખ્ય આરોપી છે અને ફરીયાદીનાં મકાનમાંથી સોનાના દાગીનાં તેમજ રોકડ રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂા. ૩૦,૮૫,૦૦૦/- ની ચોરી કર્યાનો આક્ષેપ છે. વધુમાં પોલીસ એફીડેવીટ મુજબ હાલનાં અરજદાર/આરોપીએ આ દાગીનાં ચોરી તે આ ગુનાનાં અન્ય સહ-આરોપી અનિલકુમાર સોનીને રૂા. ૭,૦૦,૦૦૦/- વેચાણ કરેલાનું ખુલેલ છે અને ચોરીની રકમ હાલનાં અરજદાર/આરોપી તથા અન્ય સહ-આરોપીઓએ સરખા ભાગ પાડી સ્વીકારેલ છે. વધુમાં તપાસ દરમ્યાન ફરીયાદીનાં ઘરમાં ચોરીવાળી જગ્યાએથી એફ.એસ.એલ. દ્ધારા જે ફિંગરપ્રિન્ટ લેવામાં આવેલ તે હાલનાં અરજદાર/આરોપીનાં ફિંગરપ્રિન્ટ સાથે મળતા આવે છે. આમ, હાલનાં અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે, ત્યારે ગુનાની ગંભીરતા તેમજ મોટી રકમની ચોરીની હકીકત ધ્યાને લેતા, આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) વધુમાં પોલીસ એફીડેવીટની કોલમ નં. ૩૧ માં દર્શાવ્યા મુજબ આરોપીનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેતા, હાલનાં અરજદાર/આરોપી સામે કુલ-૧૨ જેટલા ગુનાઓ નોંધાયેલા છે, જે પૈકી ૮ જેટલા ઘરફોડ ચોરીનાં ગુનાઓ છે તથા અન્ય એક ગુનો ઇ.પી.કો. કલમ-૩૦૭, ૪૩૫, ૪૩૬ તથા આર્મ્સ એકટની કલમ હેઠળનો છે તથા અન્ય એક ગુનો ઇ.પી.કો. કલમ-૩૯૨, ૪૫૨, ૫૦૬(૨) મુજબનો છે તથા અન્ય એક ગુનો ઇ.પી.કો. કલમ-૩૮૨, ૩૯૫, ૪૫૮, ૪૫૯ મુજબનો છે તથા અન્ય એક ગુનો ઇ.પી.કો. કલમ-૩૯૨ તથા આર્મ્સ એકટ મુજબનો ગુનો છે. આમ, હાલનાં અરજદાર/આરોપી સામે ચોરી, લુંટ, આર્મ્સ એકટ, ખૂનની કોશીષ જેવા ગંભીર પ્રકારનાં ગુનાઓ નોંધાયેલા છે, જે હકીકત ધ્યાને લેતા, આરોપી ચોરી તથા લુંટ જેવા ગુનાનો રીઢો ગુનેગાર છે અને આ કેસોમાથી જામીન ઉપર મુકત થયા બાદ પણ આરોપીએ હાલનો ગુનો આચરેલો છે, ત્યારે જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં

આવે તો, ફરીથી આવા પ્રકારનાં ગંભીર ગુનાઓ કરે તેવી શકયતા રહેલી છે, તે સંજોગોમાં આરોપીનો ગુનાહિત ભુતકાળ જોતા પણ આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) આરોપી તરફે એવી દલીલ રહેલી છે કે, આ ગુનાના કામે અન્ય એક સહ–આરોપી અનિલકુમાર અમરતલાલ સોનીને વાગરા જયુડી. મેજી. ફ.ક. દ્વારા જામીન આપવામાં આવેલા છે તથા અન્ય સહ–આરોપી પલાસ નિકેશભાઇ જવસીંગભાઇને નામ. હાઇકોર્ટે ક્રિ.પ.અ.નં. ૪૮/૨૦૨૬ થી તા. ૦૬/૦૨/૨૦૨૬ નાં રોજ જામીન ઉપર મુકત કરેલ છે, જેથી હાલનાં આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત રજુઆતનાં સંદર્ભમાં જોવામાં આવે તો, સહ–આરોપી અનિલકુમાર સોનીનાઓએ ચોરીનાં દાગીનાં વેચાણ રાખેલ તે અંગેનો આક્ષેપ હતો અને તેઓ સામે અન્ય કોઇ ગુનો નોંધાયેલો નથી, જેથી વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવેલ છે. વધુમાં સહ–આરોપી પલાસ નિકેશભાઇ જવસીંગભાઇનાઓને નામ. ગુજરાત હાઇકોર્ટે જામીન આપેલ છે તે આરોપી સામે ચોરીનાં આઠ જેટલા ગુના નોંધાયેલા હતા તે સંજોગોમાં તે સહ–આરોપીને જામીન આપેલ છે, જયારે હાલનાં અરજદાર/આરોપીનો ગુનાના કામે રોલ જોતા, મુખ્ય આરોપી છે, ચોરીવાળી જગ્યાએથી તેનાં ફિંગરપ્રિન્ટ મળી આવેલા છે, જે એફ.એસ.એલ.નાં રીપોર્ટ મુજબ મેચ થાય છે તેમજ હાલનાં અરજદાર/આરોપી સામે ચોરી, લુંટ તથા ખૂનની કોશીષ જેવા ગંભીર પ્રકારનાં ગુનાઓ નોંધાયેલા છે, ત્યારે હાલનાં અરજદાર/આરોપીનો ગુનાહિત ઈતિહાસ તથા પ્રાઇમાફેસી કેસ જોતા, હાલના આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર નથી, તે સંજોગોમાં આરોપીનાં વિ. વકીલશ્રીની દલીલ સ્વીકારવાપાત્ર નથી.

(૮) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી સામેનો પ્રાઇમાફેસી કેસ, આરોપીનો ગુનામાં રોલ તથા ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેતા

તેમજ આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર ન હોય તે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા, આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **વિજયભાઇ દિપાભાઇ નાનીયાભાઇ પલાસ,**રહે. આંબલી ખજુરીયા, તા. ગરબાળા, જિ. દાહોદનાઓની વાગરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૫૦૩૭૫/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ– ૩૦૫(એ), ૩૩૧(૪), ૬૧, ૩૧૭(૨), ૧૧૨(૨) મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC